(૫૫)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૨૪)**

૧. સિવ **મયલ મરુઅ મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ** સિદ્ધિગઈ

૨. ઉસ્સુત્તો **ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો દુજ્ઝાઓ દુવ્વિચિંતિઓ અણાયારો** અણિચ્છિયવ્વો

૩. વત્થવિહિં **વિલેવણવિહિં પુપ્ફવિહિં આભરણવિહિં ધૂપવિહિં પેજ્જવિહિં ભક્ખણવિહિં** ઓદણવિહિં

૪. મોસોવએસે **કુડલેહકરણે તેનાહડે તક્કરપ્પોગે વિરુદ્ધ રજ્જાઈક્કમે કૂડતોલે કૂડમાણે તપ્પડિરૂવગવવહારે** ઈત્તરિય

૫. પરમત્થ **સંથવો વા સુદિટ્ઠ પરમત્થ સેવણા વા વિ વાવન્ન** કુદંસણ

૬. પાઢિયારૂ **પીઢ ફલગ સિજ્જા સંથારએણં ઓસહ ભેસજ્જેણં પડિલાભેમાણે** વિહરિસ્સામિ

૭. વઈક્કમં **આવસ્સિયાએ પડિક્કમામિ ખમાસમણાણં દેવસિયાએ આસાયણાએ તિત્તીસન્નયરાએ** જં કિંચિ

૮. મુસાવાયાઓ **વેરમણં કન્નાલિક ગોવાલિક ભોમાલિક થાપણમોસો મોટકી કુડી સાખ** ઈત્યાદિક

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૧૨)**

| | જવાબ |
|---|---|
| ૧. નિસીહિયાએ | **અશુભયોગ=પાપક્રિયાને નિષેધીને** |
| ૨. સમાણે | **મળ્યેથી** |
| ૩. અકપ્પો | **કલ્પે નહિ તેવું** |
| ૪. બુદ્ધાણં | **પોતે જીવાદિ તત્ત્વોનો બોધ પામેલા** |
| ૫. વઈક્કંતો | **વ્યતીત થયો છે** |
| ૬. વઈક્કમં | **અપરાધ થયો હોય** |
| ૭. ઠાણેણં | **એક જ સ્થાને સ્થિર રહીને** |
| ૮. મક્ખય | **અક્ષય, ક્ષય રહિત** |
| ૯. જં વિરાહિયં | **જે કાંઈ વિરાધના કરેલ હોય** |
| ૧૦. અપ્પકિલંતાણં | **ગઈ છે કિલામના આપની** |
| ૧૧. ખમણિજ્જો | **ક્ષમા કરજો** |
| ૧૨. અઇયારો | **અતિચાર** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૧૨)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. પ્રકારના | **વિહસ્સ** | ૨. વંદન કરવાને | **વંદિઉં** |
| ૩. આશાતના વડે | **આસાયણાએ** | ૪. ક્ષમાવંત સાધુજીઓની | **ખમાસમણાણં** |
| ૫. મળ્યેથી | **સમાણે** | ૬. પરિત્યાગ કરું છું | **પચ્ચકખામિ** |
| ૭. ધિક્કારું છું | **ગરિહામિ** | ૮. નામ લઈ કીર્તન–સ્તુતિ કરીશ | **કિત્તઈસ્સં** |
| ૯. મસ્તકથી વંદિત | **વંદિય** | ૧૦. શ્રાવકના દેશવિરતિ ચારિત્રમાં | **ચરિત્તાચરિત્તે** |
| ૧૧. જ્ઞાનને વિશે | **નાણે** | ૧૨. હે ક્ષમાશ્રમણ ! | **ખમાસમણો** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. આવર્તન કેટલા છે? કયા કયા?

**જ. આવર્તન ૧૨ છે. અહો કાયં કાય જત્તા ભે જવણિ જ્જંચભે. આ ૬ આવર્તન અને બીજીવાર પાઠ બોલાય ત્યારે ૬ આવર્તન.**

૨. તપ કોને કહે છે?

**જ. જે ક્રિયાથી આત્મા સાથે જોડાયેલા કર્મ નાશ થાય છે.**

૩. પ્રતિક્રમણ રોજ શા માટે કરવું જોઈએ?

**જ. રોજ આત્માને પાપ લાગે છે માટે રોજ પ્રતિક્રમણ કરવું જોઈએ.**

૪. પ્રણિપાત સૂત્ર એટલે શું? તે કયા પાઠમાં આવે છે?

**જ. પ્રણિપાત એટલે વિશેષ નમસ્કાર. તે સામાયિકના સાતમા પાઠનું બીજું નામ છે.**

૫. શ્રાવકને શેનો ત્યાગ હોય છે?

**જ. શ્રાવકને મિથ્યાત્વના પાપનો સંપૂર્ણ ત્યાગ અને બાકીના પાપોનો આંશિક ત્યાગ હોય છે.**

૬. પ્રતિક્રમણના બીજા પાઠમાં શેનો ત્યાગ કરવામાં આવે છે? શા માટે?

**જ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની પ્રાપ્તિ માટે ચાર કષાયોનો ત્યાગ કરવામાં આવે છે.**

૭. પ્રતિક્રમણ શેનું કરવામાં આવે છે?

**જ. પ્રતિક્રમણ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગનું કરવામાં આવે છે.**

**(૨૫)**

**પ્ર.૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ચાર ગતિના કુલ ભેદ કેટલા? કયા કયા? માત્ર સંખ્યા લખો.

**જ. ચાર ગતિના કુલ ભેદ ૫૬૩ છે. નારકી – ૧૪, તિર્યંચ – ૪૮, મનુષ્ય – ૩૦૩, દેવતા – ૧૯૮.**

૨. માત્ર અઢીદ્વીપમાં લાભે તેવા એકેન્દ્રિય કયા? તેનું આયુષ્ય, કુળ, સંસ્થાન લખો.

**જ. માત્ર અઢીદ્વીપમાં લાભે તેવા એકેન્દ્રિય બાદર તેઉકાય. તેનું આયુષ્ય જ. અંતર્મુહૂર્ત ઉ. ૩ અહોરાત્રિનું, કુળ ૩ લાખ ક્રોડ, સંસ્થાન સોયાના ભારાના જેવું છે.**

૩. અપ્કાયના એક બિંદુમાં કેટલા જીવ છે? તે કોના જેવી કાયા કરે? સ્થાવરના વર્ણ લખો.

**જ. અપ્કાયના એક બિંદુમાં અસંખ્યાતા જીવ છે. તેમાંથી એકેકો જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે છે. પૃથ્વીકાયનો વર્ણ–પીળો, અપ્કાયનો વર્ણ સફેદ, તેઉકાયનો વર્ણ–લાલ, વાઉકાયનો વર્ણ–નીલો, વનસ્પતિકાયનો વર્ણ–વિવિધ છે.**

૪. ત્રસકાયની દયા કેવી રીતે પાળવી જોઈએ? (કોઇપણ ચાર)

**જ. ૧) ઘરમાં કરોળિયાના જાળાં, વાંદા, માંકડ, મંકોડા થાય નહિ તેવી સ્વચ્છતા જાળવવી અને જો થાય તો જતનાપૂર્વક ઘરમાંથી દૂર કરવા. ૨) ગેસ, ચૂલા જોઇને, પૂંજીને ચાલુ કરવા. ૩) નીચે જોઇને ચાલવું, બેસવું, દોડાદોડી ન કરવી. ૪) ગરમ વસ્તુ ખુલ્લી મૂકવી નહિ તેમ જ સીધી જમીન પર ન મૂકતા સ્ટેન્ડ પર મૂકવી. ૫) જંતુનાશક દવા વાપરવી નહિ.**

૫. સાધારણ વનસ્પતિના નામ લખો.

**જ. ડુંગળી, લસણ, બટેટા, આદુ, લીલી હળદર, ગાજર, મૂળા, શક્કરિયા, સૂરણ, બીટ, ગરમર વગેરે.**

૬. અજીવ કોને કહે છે? તેના નામ લખો.

**જ. જેમાં સુખ–દુઃખનો અનુભવ કરવાની શક્તિ નથી, જેનામાં જાણવાની અને જોવાની શક્તિ નથી, તેને અજીવ કહે છે. ઘડિયાળ, છત્રી, બૂટ, ચપ્પુ, તડકો, છાંયો, અંધારું.**

૭. લોભ એટલે શું? લોભથી કેવી રીતે બચવું? તેની કહેવત શું છે?

**જ. લોભ એટલે લાલચ, અસંતોષ. સંતોષ રાખીને ધીરજથી પ્રામાણિક રીતે મહેનત કરતા રહીએ તો જ આવા લોભથી બચી શકાય છે. તેની કહેવત – સંતોષી નર સદા સુખી.**

૮. માયાનો નાશ કેવી રીતે થાય? કપટીથી લોકો કેમ દૂર ભાગે છે?

**જ. માયાનો નાશ સરળતા રાખીને કરવાનો છે. કપટી કપટ કરીને લોકોમાં પોતાની આબરૂ ગુમાવે છે, છેતરપિંડી કરનારનો કોઇ વિશ્વાસ કરતું નથી, કપટી એક જૂઠ છુપાવવા સો જૂઠ બોલતો હોય છે, તેથી.**

**(આ) ખાલી જગ્યા પૂરો. (૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. જૈનધર્મ એ ...... ધર્મ છે. | **લોકોત્તર** | ૨. હું ...... છું ....... થી જુદો છું. | **આત્મા, શરીર** |

૩. ધર્મના તહેવારો ...... કહેવાય છે. **પર્વ** ૪. ...... અને ...... એ મારો સ્વભાવ છે. **જ્ઞાન, દર્શન**

**(ઈ) જોડકા જોડો.** **(૩)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. અખાત્રીજ | ૧. છેતરપિંડી | **૨. વૈશાખ સુદ ત્રીજ** |
| ૨. રાગ અને દ્વેષ | ૨. વૈશાખ સુદ ત્રીજ | **૫. કર્મબંધના કારણ** |
| ૩. શાશ્વત સુખ | ૩. ત્રણ | **૪. મોક્ષ** |
| ૪. માયા | ૪. મોક્ષ | **૧. છેતરપિંડી** |
| ૫. કંદમૂળમાં જીવ | ૫. કર્મબંધના કારણ | **૬. અનંતા** |
| ૬. ચોમાસી પાખી | ૬. અનંતા | **૩. ત્રણ** |

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગજસુકુમાલે ભગવાનને શું કહ્યું? તેઓ કેવી રીતે ધ્યાનમાં ઊભા રહ્યા? કાળ કરી ક્યાં ગયા? (૪)

**જ. ભગવાન ! આપની આજ્ઞા હોય તો, મારી એવી ઈચ્છા છે કે મહાકાલ સ્મશાનમાં જઈને હું એક રાત્રિની ભિક્ષુ પ્રતિમા સ્વીકાર કરું અર્થાત્ સંપૂર્ણ રાત્રિ ધ્યાન કરીને ઊભો રહું. ભગવાનની આજ્ઞા મેળવીને ગજસુકુમાલ મહાકાળ સ્મશાનમાં આવ્યા. ત્યાં નિર્દોષ ભૂમિ જોઇને તેઓ એક પુદ્ગલ પર દૃષ્ટિ કરીને એક રાત્રિની મહા–પ્રતિમા સ્વીકારીને ધ્યાનમાં ઊભા રહી ગયા. કાળ કરી મોક્ષમાં ગયા.**

૨. આનંદ શ્રાવકે શું પચ્ચકખાણ કર્યા? (૨×૩)

**જ. હું જૈન સિવાયના અન્ય ધર્મીઓને કે દેવને વંદન નહિ કરું, તેમની સાથે વાત નહિ કરું, તેમનો સંપર્ક નહિ રાખું, તેમને ધર્મબુદ્ધિથી આહાર–પાણી નહિ આપું કારણ કે સાચા જૈન શ્રાવકે તેવું ન કરવું જોઇએ. હું જૈન સાધુ–સંતોને ભક્તિભાવથી આહાર આદિ વહોરાવીને ધન્ય બનીશ.**

૩. નેમ કુમારના પાછા ગયા પછી રાજુલે શું વિચાર કર્યો? મોક્ષમાં કોણ ગયું?

**જ. ખરેખર ધિક્કાર છે મને કે નેમકુમાર દ્વારા મને ત્યાગી દેવામાં આવી, પણ આ ભવમાં મારે હવે બીજો વર ન જોઇએ. હવે મારા માટે એ પણ શ્રેષ્ઠ એ છે કે હું પણ તેમના પગલે ચાલીને દીક્ષા લઇશ. મોક્ષમાં ભગવાન નેમનાથ, મુનિ રહનેમિ અને સાધ્વી રાજેમતિ ગયા.**

૪. નેમ કુમારે શું વિચાર કરીને રથ પાછો લેવાનો કીધો? તેમને કેવળજ્ઞાન ક્યારે થયું?

**જ. મારી શક્તિનો ઉપયોગ આત્મકલ્યાણ માટે કરવો જોઇએ. સંસારના કામોમાં મારી શક્તિ વાપરવા કરતા દીક્ષા લઈને સાધના કરું એ જ પરમ હિતકારી છે. તેમને કેવળજ્ઞાન દીક્ષાના ૫૪ મા દિવસે થયું.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. રાત્રિ **ગુમાવી સૂઈને દિવસ ગુમાવ્યો ખાય, હીરા જેવો મનુષ્યભવ કોડી બદલે જાય,**
**દાન, શિયળ, તપ, ભાવના, ધર્મના ચાર પ્રકાર, કરો આરાધો ભાવથી, તો પામો ભવ પાર,**
**કરો દલાલી ધર્મની, દીપે અધિકી જ્યોત, કૃષ્ણ વાસુદેવ જાણવા, જેણે બાંધ્યું તીર્થંકર** ગોત્ર.

૨. મેં દાન **તો દીધું નહિ ને, શિયળ પણ પાળ્યું નહિ, તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ,**
**એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈ પણ પ્રભુ ન કર્યું, મારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું ! નિષ્ફળ** ગયું !

૩. ગુણથી **ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે, એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.**
**દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે, કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત** વહે.

૪. મેં મુખને **મેલું કર્યું દોષો પરાયા ગાઈને, ને નેત્રને નિંદિત કર્યા પરનારીમાં લપટાઈને,**
**વળી ચિત્તને દોષિત કર્યું ચિંતવી નઠારું પરતણું, હે નાથ ! મારું શું થશે ચાલાક થઈ ચૂક્યો** ઘણું.

૫. અમૃત **ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ, ભીંજાય નહિ મુજ મન અરે રે ! શું કરું હું તો વિભુ?**
**પથ્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે? મર્કટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો** હવે.